NCS Code: 3351.0100, CCode: GV006

# સીમા શુલ્ક અધિકારી (કસ્ટમ અધિકારી)

કસ્ટમ્સને લગતા કાયદાઓ, દેશમાં આયાત અને નિકાસ કરવામાં આવતા માલ પર ડ્યૂટી (સીમા શુલ્ક)ના અમલીકરણ અને વસૂલાત માટેના નિયમો પ્રદાન કરે છે. સીમા શુલ્ક અધિકારી, કસ્ટમ્સના કાયદાનો અમલ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનું ગમે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરો. અથવા

કોઈ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

૩. UPSC દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસ પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો. (સૌથી વધુ પસંદ વિકલ્પ તરીકે ભારતીય કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઈઝ સર્વિસનો ઉલ્લેખ કરો) અથવા

સ્ટાફ સિલેક્શન કમિશન સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષા (SSC-CGL પરીક્ષા)માં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

પ્રવેશ સ્તર પર સીમા શુલ્ક અધિકારીનું માસિક વેતન રૂ. ૯,૩૦૦ થી ૩૪,૮૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3WJljq4

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એરપોર્ટ, સરહદો પર આવવા જવાના માર્ગ પર.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ નથી. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

હવાલદાર → મુખ્ય હવાલદાર → મદદનીશ સબ-ઈન્સ્પેક્ટર → ટેક્સ આસિસ્ટન્ટ/સબ ઈન્સ્પેક્ટર → એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ → ઈન્સ્પેક્ટર, કસ્ટમ્સ → સુપરિન્ટેન્ડન્ટ/વરિષ્ઠ ગુપ્તચર અધિકારી/જિલ્લા અફીણ અધિકારી/મૂલ્યાંકન કાર્યાલય → મદદનીશ કમિશનર → ડેપ્યુટી કમિશનર → જોઈન્ટ કમિશનર → એડિશનલ કમિશનર → કમિશનર → પ્રિન્સિપલ કમિશનર → ચીફ કમિશનર/ડિરેક્ટર જનરલ → ચીફ કમિશનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**યોગેન્દ્ર ગર્ગ** સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઇઝ, ગૌહાટીના ચીફ કમિશનર છે. તેઓ ઉત્તર-પૂર્વ પ્રદેશમાં પરોક્ષ કરના ઝોનલ વડા પણ છે. શ્રી ગર્ગે પંજાબ એન્જિનિયરીંગ કૉલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં સ્નાતક અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, બેંગલુરૂમાંથી માર્કેટિંગ અને નાણાકીય વ્યવસ્થાપનમાં પી.જી.ડી.એમ. કર્યું છે.*

સ્રોત:https://meghalayamonitor.com/call-to-identify-special-talent-on-customs-day/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટેડ લેવલ એક્ઝામિનેશન, આઈ.આર.એસ., એક્સાઈઝ ઓફિસર (આબકારી અધિકારી)